GJSN030015132024

Presented on : 01-10-2024
Registered on : 01-10-2024
Decided on : 07-03-2026
Duration : 1 years, 5 months, 6 days

**IN THE COURT OF**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**AT LIMBDI,SURENDRANAGAR**
**(Presided Over by MR.M.R.TRIVEDI)**

**CC/692/2024**

**Exhibit No. 16**

| ગુનાની વિગત | |
|---|---|
| ફરીયાદપક્ષ | મહાવીરભાઈ નાગજીભાઈ વનાળીયા, રહે.પરનાળા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર, રા.ગુજરાત |
| રજુઆત | વિ. મદદનીશ સરકારી વકિલશ્રી એસ.ડી.મેવાડા |
| આરોપી પક્ષ | પી.રથીનાવેલ પાલાનીઅપા સીગોડ ગોઉન્ડેર ,<br>રહે. ૩૬બી/૧,ગામ-થેંગલપાલયમ ,<br>તા. રાસીપુરમ , જી. નામકલ , રા. તમિલનાડુ |
| રજુઆત | વિ.વકિલશ્રી ડી.કે. પરમાર |
| ગુન્હાની કલમ | ઈ.પી.કો.કલમ-૨૭૯, ૩૩૭,૩૦૪(અ)<br>તથા<br>એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ |
| પોલીસ સ્ટેશન | પાણશીલા પોલીસ સ્ટેશન |

:: વિગત-(બ) ::

| આરોપી અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકતી તારીખ | તહોમત | શુ નિદોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સહિતાની ક.–૪૨૮ મુ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પી.રથીનાવેલ પાલાનીઅપા સીગોડ ગોઉન્ડેર | ૦૩/૦૬/૨૦૨૪ | ૦૩/૦૬/૨૦૨૪ | ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭,૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ | નિદોર્ષ છોડયું. | – | ૦૦ |

:: વિગત–(ક) ::

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

(અ) ફરીયાદપક્ષ

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | મહાવીરભાઈ નાગજીભાઈ વનાળીયા | ફરીયાદી | ૦૭ |
| ૨ | ઘનશ્યામભાઈ જીવણભાઈ મકવાણા | સાહેદ | ૦૯ |
| ૩ | જીવણભાઈ વિઠલભાઈ મકવાણા | સાહેદ | ૧૦ |
| ૪ | મંજુબેન જીવણભાઈ મકવાણા | સાહેદ | ૧૧ |

(બ) બચાવપક્ષ :– બચાવપક્ષે સાહેદ તપાસવામાં આવેલ નથી.

(ક) ન્યાયાલય પક્ષ :– કોર્ટ સાહેદ તપાસવામાં આવેલ નથી.

## દસ્તાવેજી પુરાવાની યાદી

| અનુક્રમ નં. | વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૮ |

| | | |
|---|---|---|
| ૨ | મરણોત્તર પંચનામુ | ૧૨ |
| ૩ | શબ પરીક્ષણ યાદી | ૧૩ |

---

## જજમેન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપી પી.રથીનાવેલ S/O પાલાનીઅપા સીગોડ ગોઉન્ડેર ઉવ.૬૨ ધંધો. ડ્રાઈવીંગ રહે.૩૬ બી/૧ ગામ થેંગલપાલયમ તા.રાસીપુરમ જી.નામકલ તમિલનાડુ વાળાએ ગઈ તા.૦૧/૦૬/૨૦૨૪ ના કલાક ૧૩/૩૦ વાગ્યે પોતાના હવાલા વાળી ટ્રક રજી નં.TN-37-EW-6399 વાળુ નેશનલ હાઈવે રોડ ઉપર કટારીયા ગામના પાટીયા પાસે પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદી ના હવાલા વાળા ટ્રેક્ટર નં-GJ-13-AM-1321 વાળાની ટોલી સાથે ભટકાડી ટ્રેકટરની ટોલી પલટી ખવરાવી અકસ્માત કરી ફરીને શરીરે સામાન્ય મુંઢ ઈજા કરી તેમજ ફરીની સાથેના તેમના બનેવીના માથા ઉપર ટ્રકના ટાયર ફેરવી દઈ શરીરે ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નીપજાવી પોતાની ટ્રક મુકી ભાગી જઈ અકસ્માત કરી ઈ.પી.કો.કલમ: ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકમ ની કલમ: ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ.

(૨) આ કામના આરોપીને નામ.કોર્ટમાં હાજર રહેવા ધોરણસર સમન્સ કરતા, આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કો.કલમ: ૨૦૭ અન્વયે પુરી પાડયા બાબતની ખાત્રી કરવામાં આવેલ છે ત્યારબાદ આંક-૦૫ થી આરોપીની ગુના સબબ પ્લી રેકોર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૩) ત્યારબાદ રેકર્ડ તથા પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીનુ ક્રિ.પ્રો.કો. કલમ: ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપેલ છે. આરોપીએ વિશેષમાં તેમની ઉપર ખોટી ફરીયાદ કરેલ હોય, નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) પક્ષકારો તર્ફે થયેલ રજૂઆત ધ્યાને લેતા કેસના ન્યાયીક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શુ ફરિયાદ પક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપી પી.રથીનાવેલ S/O પાલાનીઅપા સીગોડ ગોઉન્ડેર ઉવ.૬૨ ધંધો. ડ્રાઈવીંગ રહે.૩૬ બી/૧ ગામ થેંગલપાલયમ તા.રાસીપુરમ જી.નામકલ તમિલનાડુ વાળાએ ગઈ તા.૦૧/૦૬/૨૦૨૪ ના કલાક ૧૩/૩૦ વાગ્યે પોતાના હવાલા વાળી ટ્રક રજી નં.TN–37–EW–6399 વાળુ નેશનલ હાઈવે રોડ ઉપર કટારીયા ગામના પાટીયા પાસે પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદી ના હવાલા વાળા ટ્રેક્ટર નં–GJ–13–AM–1321 વાળાની ટોલી સાથે ભટકાડી ટ્રેકટરની ટોલી પલટી ખવરાવી અકસ્માત કરી ફરીને શરીરે સામાન્ય મુંઢ ઈજા કરી તેમજ ફરીની સાથેના તેમના બનેવીના માથા ઉપર ટ્રકના ટાયર ફેરવી દઈ શરીરે ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નીપજાવી પોતાની ટ્રક મુકી ભાગી જઈ અકસ્માત કરી ઈ.પી.કો.કલમ: ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકમ ની કલમ: ૧૭૭, ૧ ૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શુ હુકમ ?

(૭) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

(૮) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**–: <u>નિર્ણય માટેનાં કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ :</u>**

(૮.૧) ફરીયાદ પક્ષે સૌપ્રથમ આંક–૭ થી ફરિયાદી મહાવીરભાઈ નાગજીભાઈ વનાળીયા ને તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ ગઈ તા.૧ /૬/૨૪ ના રોજ બપોરના સાડા બાર થી એકના ગાળામાં બનેલો. બનાવ સમયે લીંબડી કપચી ભરવા માટે ટ્રેકટર નંબર.જી.જે.૧૩.એ.ડબલ્યુ.૧૩૨૧ વાળુ લઈને આવેલ અને પરત જતા હતા. સદર ટ્રેકટર હુ ચલાવતો હતો. મારી સાથે મારા બનેવી અરવિંદભાઈ હતા અને તેઓન ટ્રેકટરમાં સાઈડના પંખા પર બેઠા હતા.બનાવ લીંબડીથી પરત જતા હતા ત્યારે કટારીયા પાસે પાછળથી તમીલનાડુ પાસીંગની ટ્રકની ભટકવવાથી અકસ્માત બનેલ. જેમાં ટ્રેકટર પલટી ખાઈ ગયેલ જેથી મારા બનેવી રોડ ઉપર પડી ગયેલ અને સદર ટ્રકના ટાયર નીચે આવી ગયેલા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. સદર અકસ્માતમાં મને શરીરે અને માથે મુંઢમાર વાગેલ. મારા બનેવી ટ્રક નીચે આવી જતા માથાના ભાગે અને હાથે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ માં તેમને લીંબડી દવાખાને લાવેલ. ત્યા ડોકટર સાહેબે તેમને મરણ જાહેર કરેલ. ત્યા તેઓનુ પી.એમ. કરેલ અને મારી સારવાર કરેલ અને રજા આપેલ. સદર બનાવમાં ટ્રક નં .ટી.એન.૩૭.ઈ.ડબલ્યુ.૬૩૯૯ હતો. ટ્રકનો ચાલક અકસ્માત થતા ટ્રક મુકીને ભાગી ગયેલ જેથી જોયેલ નથી. બનાવ અનુસંધાને મે ફરિયાદ આપેલ. આજરોજ મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે"

બચાવપક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ''એ વાત ખરી છે કે, અકસ્માત સમયે હુ ટ્રેકટર ચલાવતો હતો. એ વાત ખરી છે કે, પોલીસે મારી રૂબરૂમાં અકસ્માત કરનાર વાહન ચાલકની ઓળખ પરેડ કરાવેલ નહી. એ વાત ખરી નથી કે, અકસ્માત મારી ભુલના કારણે બનેલો. એ વાત ખરી છે કે, અકસ્માતવાળી જગ્યા જાહેર રસ્તો હોય વાહનોની સતત અવરજવર ચાલુ હોય છે. એ વાત ખરી નથી કે, બનાવ સમયે હુ મારુ ટ્રેકટર પુરઝડપે ચલાવતો હોય કાબુ ગુમાવતા અકસ્માત બનવા પામેલો. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે ટ્રેકટર અને ટ્રકમાં માલસામાન ભરેલ હોય તે ધીમી ગતિએ ચાલે છે. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી ફરિયાદ કરી ખોટી જુબાની આપુ છુ.''

(૮.૨) વધુમાં ફરિયાદપક્ષે આંક– ૦૯ થી સાહેદ ઘનશ્યામભાઈ જીવણભાઈ મકવાણા ને તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ ગઈ તા.૧/૬/૨૪ ના રોજ બનેલો. બનાવ સમયે હુ ઘરે હતો અને બનાવની જાણ મને ફોનથી થયેલી. મને ફોન પર જાણવા મળેલ કે, મારા ભાઈ અરવિંદભાઈ અને મહાવીરભાઈ નાઓ બનાવ સમયે લીંબડી કપચી ભરવા માટે ટ્રેકટર નં.જી.જે.૧૩.એ.ડબલ્યુ.૧૩૨૧ વાળુ લઈને આવેલ અને પરત જતા હતા. સદર ટ્રેકટર મહાવીરભાઈ ચલાવતા હતા. તેમની સાથે મારા ભાઈ અરવિંદભાઈ હતા અને તેઓન ટ્રેકટરમાં સાઈડના પંખા પર બેઠા હતા. બનાવ લીંબડીથી પરત જતા હતા ત્યારે કટારીયા પાસે પાછળથી તમીલનાડુ પાસીંગની ટ્રકની ભટકવવાથી અકસ્માત બનેલ. જેમાં ટ્રેકટર પલટી ખાઈ ગયેલ જેથી મારા ભાઈ અરવિંદભાઈ રોડ ઉપર પડી ગયેલ અને સદર ટ્રકના ટાયર નીચે આવી ગયેલા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. સદર અકસ્માતમાં મહાવીરભાઈને શરીરે અને માથે મુંઢમાર વાગેલ. મારા ભાઈ અરવિંદભાઈ ટ્રક નીચે આવી જતા માથાના ભાગે અને હાથે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ માં તેમને લીંબડી દવાખાને લાવેલ. ત્યા ડોકટર સાહેબે તેમને મરણ જાહેર કરેલ. ત્યા તેઓનુ પી.એમ. કરેલ અને મહાવીરભાઈની સારવાર કરેલ અને રજા આપેલ. બનાવ અનુસં ધાને મહાવીરભાઈ એ ફરિયાદ આપેલ.બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી."

બચાવપક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ''એ વાત ખરી છે કે, અકસ્માત સમયે હુ મારા ઘરે હતો જેથી અકસ્માત કઈ રીતે બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં મહાવીરભાઈ એ કરેલ ખોટી ફરિયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.''

(૮.૩) વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ જીવણભાઈ વિઠલભાઈ મકવાણા ને તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ ગઈ તા.૧/૬/૨૪ ના રોજ બનેલો. બનાવ સમયે હુ ઘરે હતો અને બનાવની જાણ મને ફોનથી થયેલી. મને ફોન પર જાણવા મળેલ કે, મારા દિકરા અરવિંદભાઈ અને મહાવીરભાઈ નાઓ બનાવ સમયે લીંબડી

કપચી ભરવા માટે ટ્રેક્ટર નં.જી.જે.૧૩.એ.ડબલ્યુ.૧૩૨૧ વાળુ લઈને આવેલ અને પરત જતા હતા. સદર ટ્રેક્ટર મહાવીરભાઈ ચલાવતા હતા. તેમની સાથે મારા દિકરા અરવિંદભાઈ હતા અને તેઓન ટ્રેક્ટરમાં સાઈડના પંખા પર બેઠા હતા. બનાવ લીંબડીથી પરત જતા હતા ત્યારે કટારીયા પાસે પાછળથી તમીલનાડુ પાસીંગની ટ્રકની ભટકવવાથી અકસ્માત બનેલ. જેમાં ટ્રેક્ટર પલટી ખાઈ ગયેલ જેથી મારા દિકરા અરવિંદભાઈ રોડ ઉપર પડી ગયેલ અને સદર ટ્રકના ટાયર નીચે આવી ગયેલા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. સદર અકસ્માતમાં મહાવીરભાઈને શરીરે અને માથે મુંઢમાર વાગેલ. મારા દિકરા અરવિંદભાઈ ટ્રક નીચે આવી જતા માથાના ભાગે અને હાથે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ માં તેમને લીંબડી દવાખાને લાવેલ. ત્યા ડોકટર સાહેબે તેમને મરણ જાહેર કરેલ. ત્યા તેઓનુ પી.એમ. કરેલ અને મહાવીરભાઈની સારવાર કરેલ અને રજા આપેલ. બનાવ અનુસંધાને મહાવીરભાઈ એ ફરિયાદ આપેલ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી."

સદર સાહેદની બચાવપક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, અકસ્માત સમયે હુ મારા ઘરે હતો જેથી અકસ્માત કઈ રીતે બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં મહાવીરભાઈ એ કરેલ ખોટી ફરિયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.''

(૮.૪) વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ મંજુબેન વા.ઓ. જીવણભાઈ વિઠલભાઈ મકવાણા ને તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,"બનાવ ગઈ તા.૧/૬/૨૪ ના રોજ બનેલો. બનાવ સમયે હુ ઘરે હતી અને બનાવની જાણ મને ફોનથી થયેલી. મને ફોન પર જાણવા મળેલ કે, મારા દિકરા અરવિંદભાઈ અને મહાવીરભાઈ નાઓ બનાવ સમયે લીંબડી કપચી ભરવા માટે ટ્રેક્ટર નં.જી.જે.૧૩.એ.ડબલ્યુ.૧૩૨૧ વાળુ લઈને આવેલ અને પરત જતા હતા. સદર ટ્રેક્ટર મહાવીરભાઈ ચલાવતા હતા. તેમની સાથે મારા દિકરા અરવિંદભાઈ હતા અને તેઓન ટ્રેક્ટરમાં સાઈડના પંખા પર બેઠા હતા. બનાવ લીંબડીથી પરત જતા હતા ત્યારે કટારીયા પાસે પાછળથી તમીલનાડુ પાસીંગની ટ્રકની

ભટકવવાથી અકસ્માત બનેલ. જેમાં ટ્રેકટર પલટી ખાઈ ગયેલ જેથી મારા દિકરા અરવિંદભાઈ રોડ ઉપર પડી ગયેલ અને સદર ટ્રકના ટાયર નીચે આવી ગયેલા અને માથાના ભાગે ગં ભીર ઈજાઓ થયેલી. સદર અકસ્માતમાં મહાવીરભાઈને શરીરે અને માથે મુંઢમાર વાગેલ. મારા દિકરા અરવિંદભાઈ ટ્રક નીચે આવી જતા માથાના ભાગે અને હાથે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ માં તેમને લીંબડી દવાખાને લાવેલ. ત્યા ડોકટર સાહેબે તેમને મરણ જાહેર કરેલ. ત્યા તેઓનુ પી.એમ. કરેલ અને મહાવીરભાઈની સારવાર કરેલ અને રજા આપેલ. બનાવ અનુસં ધાને મહાવીરભાઈ એ ફરિયાદ આપેલ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી."

સદર સાહેદની બચાવપક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં હકીકત જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, અકસ્માત સમયે હુ મારા ઘરે હતી જેથી અકસ્માત કઈ રીતે બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં મહાવીરભાઈ એ કરેલ ખોટી ફરિયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.''

**(૯) પુરાવાનુ મુલ્યાંકનઃ–**

(૯.૧). ઉપરોક્ત તમામ પુરાવાઓ ધ્યાને લેતાં અને આરોપી સામેનો ગુન્હાનો ચાર્જ જોતાં, પુરાવાનું મૂલ્યાંકન કરતાં, કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવી જોઈએ. તે જોતાં, આ કામમાં આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ–૨૭૯,૩૩૭ ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુન્હાઓનો આક્ષેપ છે. ત્યારે ફરિયાદપક્ષ ઉપર પુરાવોનો બોજો અને જવાબદારી રહે છે કે તેને નિઃશંકપણે પુરવાર કરવી જોઈએ. આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભુત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય, તે આક્ષેપ ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા જોઈએ. વધુમાં, આ કામે જ્યારે ભારતીય દંડ સહીતાની કલમ–૨૭૯ મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે તે ગુન્હાઓની જોગવાઈ ધ્યાને લેતાં, ફરિયાદપક્ષે આરોપી સામે નીચે મુજબના ગુન્હાના તત્વો તેમના સકારાત્મક પુરાવાથી સાબિત કરવા જોઈએ.

- **ભારતીય દંડ સહીતાની કલમ–૨૭૯ ના ગુન્હાના તત્વોઃ–**

*"જાહેર માર્ગ ઉપર બેફામપણે હંકારવું કે સવારી કરવી.* – કોઈપણ

વ્યક્તિ, બહુજન સમાજની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને હાની કે વ્યથા થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક, સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેની છ માસ સુધીની સજા અથવા દંડ, અથવા બંન્ને થઈ શકે."

૧) જાહેર માર્ગ ઉપર બેફામપણે હંકારવું કે સવારી કરવી.

૨) બહુજન સમાજની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને હાની કે વ્યથા થવા સંભવ હોય.

૩) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક, સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરવી.

- **કલમ–૩૩૭, <u>બીજાઓની જીંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી વ્યથા કરવા બાબતઃ–</u>**

*"જે કોઈ વ્યક્તિ, મનુષ્યની જીંદગી કે અન્ય વ્યક્તિઓની શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિને વ્યથા કરે, તેને છ મહિનાની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે."*

- **કલમ–૩૦૪(અ), બેદરકારીથી મૃત્યુ નિપજાવવા બાબત –**

"જે કોઈ વ્યક્તિ ગુનાહિત મનુષ્યવધ ન ગણાય અેવુ બેફામ રીતે કરેલ કે બેદરકારી ભર્યુ કોઇ કૃત્ય કરીને કોઇ વ્યકિતનુ મૃત્યુ નિપજાવે તેને બે વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંતે શિક્ષા કરવામાં અાવશે. "

(૯.૨). ઉપરોક્ત કલમોની વ્યાખ્યા જોતાં, કોઈ વ્યકિત પોતે જાણતા હોવા છતાં, વાહન બેદરકારીથી ઝડપી ચલાવે અથવા બેદરકારી દાખવે અને ચલાવવાથી હાની અથવા ઈજા થવાની સંભાવના છે તેમછતાં, વાહન હંકારે અથવા સવારી કરે ત્યારે ઉપરોક્ત મુજબના ગુનાના તત્વો સાબિત થયેલા ગણાય. જે કોઈ વ્યક્તિ, ગુનાહિત મનુષ્યવધ ન ગણાય એવું

બેફામ રીતે કરેલું કે બેદરકારીભર્યું કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

જ્યારે, હાલના કામે ફરિયાદીએ અને સાહેદો −ારા હકિકતને સમર્થન આપેલ નથી. વધુમાં સદર સાહેદની જુબાની પરથી હાલના આરોપીઓ અકસ્માત કરેલ હોય કે હાલના આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. હાલના કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની ધ્યાને લેવામા આવે તો તેના ઉપર થી એ હકીકીત સાબિત થાય છે કે,બનાવના દિવસે ઈજા પામનાર સાહેદ અકસ્માત વાળા વાહનમાં સવાર હતા અને ગાડી પાછળ અકસ્માત વાળુ વાહન અડથઠાતા ઈજાપામનાર સાહેદ જે વાહન બેઠલ હતા તે અચાનક પલટી ખાઈ જતા મરણજનારનુ મૃત્યુ થયેલ . પરંતુ હાલના કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામ્રાં આવેલ ઈજાપામનાર સાહેદ જે અકસ્માત કરનાર ટ્રક ચાલક કોન હતો તે અનુસંધાને કોઈ જ મૌખિક પુરાવો પ્રસ્તુત કરેલ નથી. વધુમાં હાલના કામે આરોપી વિરુધ્ધ જે ગુનાની કલમ દાખલ કરવામાંા આવેલ છે તે કલમના તત્વો ધ્યાને લેતા હાલના કામે ઈજા પામનાર સાહેદ બનાવ સમયે હાજર હોવા છતા તથા ઈજા થયેલ હોવા છતા ટ્રક ચાલક કોણ હતો તે બાબતે લેશ માત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેનાથી વિરૂધ્ધ બચાવપક્ષે ઉલ્ટતપાસ માં એ હકીકત સફળતા પુરવક એ હકીકત રેકર્ડ પર લાવેલ છે પોલિસ દ્વારા અકસ્માત કરનાર ટ્રક ચાલકની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. વધુમાં, ત.ક.અમલદાર દ્વારા ગુનાવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ ન હોઈ ફરિયાદ હકીકતને સ્વતંત્ર પુરાવાનું સમર્થન મળેલ ન હોઈ આરોપી દ્વારા ગુનો આચરેલ હોવાનું ફલિત થતું નથી.

(૯.૩). બનાવ જ્યારે કોની ભુલના કારણે બનેલ છે તે હકિકત રેકર્ડ પર આવેલ ન હોઈ જેથી બનાવમાં માત્ર આરોપીની જ બેદરકારી હોવાનુ માની શકાય નહિ. જેથી ખરેખેરમાં અકસ્માત આરોપીની ભુલના કારણે બનેલ હોવાની હકિકત શંકાસ્પદ જણાઈ આવે છે. વધુમાં આ અનુસંધાને વધુ ચર્ચા કરવામાં આવેતો, બેફામ તથા બેદરકારીનાં સંદર્ભે લો લેકસીકનમાં તથા નામ. સુપ્રિમ કોર્ટે ***Ravi Kapoor v. State of Rajasthan***[1] નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ

1

સિધ્ધાંત ધ્યાને લેતાં :-

> *"બેફામપણે અથવા બેદરકારીપૂર્વક બંને શબ્દોમાં મળતાપણું છે, છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે. એક સામાન્ય વ્યકિત પાંસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય, જયારે એક સામાન્ય વ્યકિત પાંસે જે અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. એક વાહનચાલકનું વાહન યોગ્ય યાંત્રિક સ્થિતિમાં હોય, તે ટ્રાફીકનાં નિયમોનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. એ મુજબ વ્યકિત ન વર્તે તે બેદરકારી ગણાય. શહેરમાં જાહેર માર્ગપર વ્યકિત વાહન ચલાવે તે અપેક્ષા મુજબનું છે. પરંતુ, અચાનક બ્રેક મારે, અચાનક વળાંક લે, અણધારીરીતે ઝડપ વધારી દે તે બેફામપણે કરેલું વર્તન ગણાય."*

આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટનાં ***State of Gujrat v. Doc. Maltiben Valjibhai Shah*** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ગુનો સાબીત કરવાં ફરીયાદપક્ષે આરોપી દવારા કરવામાં આવેલ કૃત્ય ગફલતભર્યુ અથવા તો બેદરકારીપૂર્વકનું હતું અને તેવા બેદરકારીપૂર્વક અથવા તો ગફલતભર્યા કૃત્યનાં કારણસર ઈજાપામનારનું મૃત્યું થયેલું હોય તે સાબીત કરવું ખુબજ જરુરી બની જાય છે. વાહન હંકારવું તે કોઈ ગુનો નથી પરંતુ આરોપી બનાવનાં દિવસે તેનાં કબજનું વાહન બેદરકારી અને ગફલતભરીરીતે ચલાવતાં હતાં અને તેવા કૃત્યનાં કારણસર મરણ થયેલું છે તેવું ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઈએ.

(૯.૪).. વધુમાં તાજેતરમાંજ નામ. સુપ્રિમ કોર્ટના ***Ravi Kapoor v. State of Rajasthan***[2] નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં જે કેસમાં અકસ્માત થયેલ હોવાનું પુરવાર થયેલું હોય અથવા તો અકસ્માત થયેલ હોવાની હકીકત સ્વીકારવામાં આવેલ હોય ત્યારે કોર્ટ દવારા રજુ સાંયોગીક પુરાવા તથા સ્થળસ્થિતિનું પંચનામું વિગેરે ધ્યાને લઈ ડોકટરીન ઓફ રેસ ઈપ્સા લોકયુટરનાં સિધ્ધાંતને બેદરકારી સાબીત કરવાં ધ્યાને લઈ શકશે. જયારે કોઈ કેસમાં તે હકીકત સ્પષ્ટ ન હોય કે કોની બેદરકારીનાં કારણસર સદર અકસ્માત સર્જાયેલો છે તેવા કિસ્સામાં સદર રવી કપુર (સુપ્રા)નાં ચુકાદામાં જણાવેલ ડોકટરીન ઓફ રીઝનેબલ કેર અને રેસ ઈપ્સા લેકવીટરનો સિધ્ધાંત લાગુ પાડી શકાય. આ કેસમાં અકસ્માત થયો છે તે હકીકતનો

2

બચાવ પક્ષે કોઈ ઈનકાર થયેલો નથી. માત્ર અકસ્માત સર્જવા માટે કોની બેદરકારી અથવા તો ગફલતભર્યા વાહન હકાંરવાના કારણસર સદર અકસ્માત સજાર્યેલ છે અથવા સદર અકસ્માત માટે કોણ જવાબદાર છે તે મહત્વનું છે. જ્યારે હાલના કામે ઈ જાપામનાર સાહેદ ધ્વારા અકસ્માત વાળુ વાહન હાલના કામના આરોપી ચલાવતા હતા તે બાબતે લેશ માત્ર પુરાવો પ્રસ્તુત કરેલ નથી. જેથી તેમની જુબાનીમાં જણાવેલ હકિકત પર આધાર રાખી શકાય નહિ જેથી સદર સાહેદની જુબાની પરથી અકસ્માત આરોપીની ભુલના કારણે થયેલ હોવાની હકિકત બાબતે પણ શંકા જણાઈ આવતો હોઈ સાંયોગીક પુરાવાઓ પર આધાર રાખવો જરૂરી બને છે. પરંતુ હાલના કામે સાંયોગીક પુરાવા પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. હાલના કામે સાંયોગીક પુરાવાઓ પૈકી ગુનાવાળી જગ્યાના પંચ સાહેદને તપાસેલ છે અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે. જે પંચનામાના પંચો ફરિયાદ હકિકતને કે પંચનમામા હકિકતને સમર્થન કરતા ન હોઈ પંચનામા મુજબ ગુનાવાળી જગ્યા અને કબજે કરેલ વાહનો બાબતે શંકા પેદા થાય છે. વધુમાં હાલના કામે એફ. એસ.એલ ના સ્થળ પરીક્ષણ કરવામાં આવેલ નથી. નજરે જોનાર અને ઈજા પામનાર સાહેદ આરોપી અકસ્માત સમયે ટેમ્પો ચલાવતા હતા તેવો કોઈ પુરાવો આપેલ નથી. તેવા સંજોગોમાં સીધા કે સાંયોગીક પુરાવાઓ હાલના આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ ગુનાઓ પૈકી એક પણ ગુનાના તત્વો પુરવાર કરતા નથી. જેથી હાલના કામે આરોપીએ ઈ.પી.કોની કલમ ૨૭૯, ૩૦૪(અ) મુજબનો ગુનો આચરેલ હોય તેવુ ફરિયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરેલ ન હોઈ આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે.

(૯.૫) આ કામમાં આરોપી સામે એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુન્હાઓનો આક્ષેપ છે. ત્યારે ફરિયાદપક્ષ ઉપર પુરાવોનો બોજો અને જવાબદારી રહે છે કે તેને નીચે મુજબની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવી જોઈએ.

૧. જાહેર રસ્તા પર બનાવ સમયે આરોપી ડ્રાઈવીંગ કરી રહયા હતા.

૨. ડ્રાઈવીંગ બેદરકારી અને બેફીકરાઈભર્યુ હતુ કે જેથી મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય.

જ્યારે આ કામે આરોપી સામે એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર ક.૧૮૪ અન્વયે <u>એમ.વી.એ.ક.૨૦૯–દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણ</u>–ની

આદેશાત્મક જોગવાઈઓનું જયારે પાલન થયેલું હોય ત્યારે જ ક.૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આ કેસમાં ત.ક.અ. તેની જુબાનીમાં એમ.વી.એ.ક.૨૦૯ મુજબની નોટીસ આપેલ હોય કે તેવી કોઇ નોટીસ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. જ્યારે એમ.વી.એ.ક.૨૦૯ની આદેશાત્મક જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને ઉપરોકત ગુના સબબ ગુનો થયા બાદ ચેતવણી આપવામાં આવેલી હોય કે તપાસ પૂર્ણ થયાબાદ તેઓની સામે ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરવામાં આવશે અથવા તો ગુનો બન્યાનાં ૧૪ દિવસની અંદર સદર કલમ અન્વયેની નોટીસ ગુનો બન્યાનો પ્રકારપ,સમય,સ્થળ અને જે જગ્યાએ ગુનો બન્યો હોય તે તમામ વિગત જણાવતી નોટીસ આરોપીને અથવા તો જેનાં નામ ઉપર સંડોવાયેલ વાહન રજીસ્ટર થયેલું હોય તેને જાતે અથવા તો રજી.પોસ્ટ મારફતે બજવણી કરવામાં આવેલી હોવી જોઈએ. અથવા ગુનો બન્યાનાં ૨૮ દિવસની અંદર સદર ગુનાનો સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલી હોવી જોઈએ. હાલનાં કેસમાં ફરિયાદપક્ષ દ્વારા ત.ક.અધિકારીની જુબાની મારફતે કોઇ નોટીસ રજુ કરેલ નથી. આમ સદર આદેશાત્મક જોગવાઈનું પાલન ફરીયાદપક્ષે સંતોષકારકરીતે કરેલાનું પુરવાર થતું ન હોય આરોપીને એમ.વી.એ.ક.૧૮૪ મુજબનાં ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯.૬)..ત્યારબાદ, અત્રેની અદાલત દ્વારા ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સના સિદ્ધાંતોને ધ્યાને લઇ ફરિયાદ પક્ષ દ્વારા રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો સૌપ્રથમ એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ક્રીમીનલ કેસની કાર્યવાહીમાં આરોપી વિરુદ્ધ જ્યાં સુધી એવો કોઈ ઠોસ પુરાવો રજુ ના થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવામાં આવે છે. વધુમાં ભારતીય પુરાવા ની કલમ ૧૦૧ અને ૧૦૨ મુજબ આરોપી વિરુદ્ધ ગુનો સાબિત કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. જ્યારે ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત મુજબ આરોપી વિરૂદ્ધ ગુનો શંકાને પર સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે. જ્યારે ફરિયાદ હકીકત અનુસાર આરોપી વિરૂદ્ધ જે ગુનો દાખલ કરવામાં આવેલ છે તે મુજબનો ગુનો આરોપી દ્વારા કરવામાં આવેલ હોવાનો કોઈ સીધો પુરાવો હાલના કામે ફરિયાદપક્ષ રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ છે. જ્યારે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૦ મુજબ પણ મૌખિક પુરાવો સીધો પુરાવો હોવો જોઈએ તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.વધુમાં સદર સાહેદ દ્વારા હાલના આરોપી દ્વારા કોઈ ગુનો આચરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી .

(૯.૭).. જ્યારે હાલના કામે બચાવપક્ષ ફરિયાદની હકિકતને સમર્થન કારી પુરાવા આપતા ન હોય તેવા સંજોગોમાં પંચનામા હકિકત પુરાવા ગ્રાહ્ય રાખી આરોપીને સજા કરી શકાય નહિ. કારણે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા વખતો વખતના ચુકાદામાં ઠરાવ્યા અનુસાર મેડિકલ પુરાવો માત્ર કોરોબોરેટીવ પીસ ઓફ એવિડન્સ ગણાય કે જે મુળ પુરાવાનુ સ્થાન લઈ શકે નહિ. જ્યારે ફરિયાદી અને ઈજા પામાના સાહેદો ફરિયાદ હકિકતને સમર્થન આપતા ન હોય તેવા સંજોગોમાં ફરિયાદ હકિકમાં જણાવ્યા અનુસાર આરોપી દ્વારા હાલના અકસ્માતમાં ઈજા પોહચાડેલ હોવાની હકિકત સાબિત માની શકાય નહિ.

(૧૦) આમ, ફરીયાદપક્ષ દ્વારા આ કામના આરોપી પી.રથીનાવેલ S/O પાલાનીઅપા સીગોડ ગોઉન્ડેર ઉવ.૬૨ ધંધો. ડ્રાઈવીંગ રહે.૩૬ બી/૧ ગામ થેંગલપાલયમ તા.રાસીપુરમ જી.નામકલ તમિલનાડુ વાળાએ ગઈ તા.૦૧/૦૬/૨૦૨૪ ના કલાક ૧૩/૩૦ વાગ્યે પોતાના હવાલા વાળી ટ્રક રજી નં.TN-37-EW-6399 વાળુ નેશનલ હાઈવે રોડ ઉપર કટારીયા ગામના પાટીયા પાસે પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદી ના હવાલા વાળા ટ્રેક્ટર નં-GJ-13-AM-1321 વાળાની ટોલી સાથે ભટકાડી ટ્રેક્ટરની ટોલી પલટી ખવરાવી અકસ્માત કરી ફરીને શરીરે સામાન્ય મુંઢ ઈજા કરી તેમજ ફરીની સાથેના તેમના બનેવીના માથા ઉપર ટ્રકના ટાયર ફેરવી દઈ શરીરે ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નીપજાવી પોતાની ટ્રક મુકી ભાગી જઈ અકસ્માત કરી ઈ.પી.કો.કલમ: ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકમ ની કલમ: ૧ ૭૭, ૧૮૪ મુજબના ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાનુ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી **<u>મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં</u>** આપી **<u>મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે</u>**.

## - : <u>આ ખ રી હુ ક મ</u> : -

- સદર કામના આરોપીને ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) અને એમ.વી એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- ક્રિ.પ્ર.કો. ૪૩૭(એ) અન્વયે આરોપીએ અપેલેટ કોર્ટમાં હાજર થવા

ખાત્રી આપતા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદદામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ ન હોય તો અપીલ સમય બાદ મુદદામાલના માલિકી અંગે ખરાઈ કરી તેના મૂળ માલિકને પર સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૭ મી, માહે–માર્ચ , સને–૨૦૨ ૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી જાહેર કર્યો.

મુકામ: લીંબડી.

તારીખ : ૦૭/૦ ૩/૨૦૨૬

મોહિત આર.ત્રિવેદી

અધિક જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,

લીંબડી.(GJ01575)